છત્તીસગઢના સુકમામાં થયેલ નકસલી હુમલાના મૃતકો પ્રત્યે ઉંડી સંવેદના વ્યકત કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૭

છત્તીસગઢના સુકમા ક્ષેત્રમાં થયેલ નકસલી હુમલામાં મૃત્યુ પામેલાઓ પ્રત્યે રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ઉંડી સંવેદના વ્યકત કરી છે અન આ કાયરતાભર્યા કૃત્યની સન્ન નિંદા કરી છે. આ હુમલામાં જાન ગુમાવનારાઓના પરિવારજનો પ્રત્યે રાજયપાલશ્રીએ સાંત્વના વ્યકત કરી છે અને ઈજાગ્રસ્તો ઝડપથી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે, તેવી ઈશ્વરને પ્રાર્થના કરી છે.

રાજયમાં ગરમીનો પ્રકોપ યથાવત : ઉકળાટમાં વધારો

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ સહીત રાજયમાં આજે કાળઝાળ ગરમીમાં આંશિક ઘટાડો જારી રહ્યો હતો. ગઈકાલની સરખામણીમાં ઘટાડો નોંધાયો હતો. આજે રાજયમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૪૧ ડિગ્રી નોંધાઈ હતી.

ઉકળાટ વધ્યો છે. આવતીકાલે અમદાવાદ માટે જે આગાહી કરાઈ છે તે મુજબ અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન રહેશે. કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. જનજીવન ગરમીના કારણે અસ્તવ્યસ્ત થયેલું છે. સામાન્યરીતે દક્ષિણ પશ્ચિમી ઠંડા પવનો પ્રદેશ પર નચલી સપાટીએ ફૂંકાઈ રહ્યા છે. ભેજનું પ્રમાણ પણ વધ્યુ છે જેથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ઈન્ફેકશનથી બચવા માટે હાલ લોકોને સાવધાન રહેવાની સલાહ નિયમિતરીતે આપવામાં આવી રહી છે. પાટનગર ગાંધીનગરમાં ૩૯.૫, ડિસામાં ૪૦.૨, રાજકોટમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

લીમખેડા ખાતે મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે દાહોદ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન

ગાંધીનગર, તા.૨૭

દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે યોજાયેલી કૃષિ મહોત્સવ મેગા ઈવેન્ટમાં રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જિલ્લાના -ગતિશીલ ખેડૂતોનું સન્માન કર્યું હતું. તાલુકા કક્ષાના બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ આ ખેડૂતોને એનાયત થયા હતા. જેમાં રૂા. ૧૦,૦૦૦/

-નો ચેક અને -માણપત્ર ખેડૂતોને આપવામાં આવ્યા હતા.

સન્માનિત થનારા દાહોદ તાલુકાના રોઝમ ગામના બહેરા શકરાભાઈ રૂપાભાઈને, તેમની ૨૦ ગુંઠા જમીનમાં સેવંતી, ૧૫ ગુંઠામાં ગલગોટા મળી કુલ ૪૫ ગુંઠામાં ફુલોની ખેતી કરી લગભગ રૂા. ૧,૦૦,૦૦૦/- ની આવક મેળવી છે. એજ રીતે ગરબાડા તાલુકાના ઝામ્બુઆ ગામના નલવાયા રમણલાલ લાલજીભાઈએ તેમની ૪ હેકટર જમીનમાં નવીન પાક તરીકે સોયાબિનની ખેતી કરી ૮૨૦૦ કિ.ગ્રામ.નું સોયાબીન પકવી રૂા. ૧,૮૮,૬૦૦/-ની આવક મેળવી હતી. આ ઉપરાંત તેમણે ૯ ગાયો ખરીદી વૈજ્ઞાનિક અભિગમ થકી પશુપાલનનો વ્યવસાય પણ શરૂ કર્યો છે.

દાહોદ જિલ્લાના ગરબાડા લીમખેડા જેવા તાલુકાના અન્ય ખેડૂતોને ફૂલો, વેલાવાળા શાકભાજી અને બાગાયતી ખેતી, તથા પશુપાલન દ્વારા આ વિસ્તારમાં એક આદર્શ વાતાવરણ ઉભું કર્યું છે. જે બદલ મુખ્યમંત્રીશ્રીએ તેમને નવાજયા હતાં.

આઈપીએલની ફાઈનલ મેચ પર સટ્ટો રમાડતા ત્રણની ધરપકડ

અમદાવાદ, તા. ૨૭

શહેરનાં સાબરમતી વિસ્તારમાં કાળી ગામનાં રામજી મંદિર ઉપર મકાનમાં આઈપીએલ ક્રિકેટની ફાઈનલ મેચ પર સટ્ટો રમતાં ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૧ ટીવી, ૭ નંગ મોબાઈલ, ૧ લેપટોપ, એક્ટીવા મળી કુલ રૂા. ૬૮,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શહેરનાં સાબરમતી વિસ્તારમાં આવેલા કાળીગામના રામજી મંદિરના ફાઈનલ મેચ પર સટ્ટો રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી. જેના આધારે સર્વેલન્સ સ્કવોર્ડના પરાક્રમસિંહ તથા પીએસઆઈ છાસિયા સહિતના સ્ટાફે રેડ કરીને સટ્ટો રમતાઓને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૧ ટીવી, ૧ લેપટોપ, ૭ નંગ મોબાઈલ, ૧ એક્ટિવા મળી કુલ રૂા. ૬૮,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ભૂતકાળની ખુરશીભક્તિ કરનારી સરકારોએ ખેડૂત અને ખેતીને બેહાલ કરી : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ૪૦-૫૦ વર્ષના શાસનોમાં ભૂતકાળની ખુરશીભકિત કરનારી સરકારોએ ખેતી અને ખેડૂતની બરબાદી કરી એની આકરી ટીકા કરતા જણાવ્યું કે, અમારી સરકારે ખુરશીભકિત નહીં પણ કૃષિભકિત કરીને ખેતીવાડી આધારિત કૃષિક્રાંતિ કરી બતાવી છે.

લીમખેડાના વનવાસી ક્ષેત્રમાં કૃષિ મહોત્સવમાં ઉમટેલી આદિવાસી જનતાના આનંદમાં સહભાગી બનેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી પટ્ટામાં સિંચાઈ માટે આદિવાસીઓનો વિરાટ માનવ મહેરામણ કૃષિ મહોત્સવમાં ભાગ લેવા ઉમટયો હતો. વનવાસી

મધ્ય ગુજરાતના કૃષિ મહોત્સવમાં આદિવાસી મહેરામણનું વિરાટ દર્શન

રૂા.૩,૪૦૦ કરોડનો સિંચાઈના પાણીનો ખાસ ગેજેકટ બનાવ્યો છે, તેમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતભરમાં ૧૪મી મેથી શરૂ થયેલા નવમા કૃષિ મહોત્સવ અભિયાન અંતર્ગત આજે મધ્ય ગુજરાતના જિલ્લાઓના લીમખેડામાં યોજાયેલા કૃષિ મેળા અને પશુ આરોગ્ય મેળાનું ઉદઘાટન મુખ્ય મંત્રીશ્રીએ કર્યું હતું. દાહોદ જિલ્લાના લીમખેડામાં કિસાન અને પશુપાલકો સહિત કૌશલ્ય દાખવ્યું છે. તેમની સાફલ્યગાથાને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિરદાવી હતી.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ક્ષેત્રની આ વિરાટ કિસાનશકિતનું અભિવાદન કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિના ઋષિ એવા ઉત્તમ -ગતિશીલ ખેડૂતોનું સન્માન કર્યું હતું. વિદેશમાંથી કૃષિ વિજ્ઞાનના સ્નાતક બનવા આણંદ કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓએ મુખ્ય મંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આદિવાસી ક્ષેત્રમાં મિશન મંગલમની સખીમંડળની બહેનોએ પણ કૃષિ મહોત્સવમાં પોતાનું

આખા ગુજરાતની ધોમધખતી ગરમીમાં પણ કૃષિ મહોત્સવની તપસ્યાનો યજ્ઞ કરી રહેલા કિસાનોની સાથે આ સરકાર ગામડા ખૂંદી રહી છે, જિલ્લે જિલ્લે ખેડૂતોના કલ્યાણનો પરિશ્રમ કર્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ચૂંટણીમાં મત માટે રાજનેતાઓ ગામડામાં નીકળે એ ખુરશી માટેનો રાજકીય કાર્યક્રમ છે, પરંતુ ખેતી માટે, ખેડૂત માટે ખેતરે ખેતરે આ સરકાર ફરતી રહી છે તે ગુજરાતના કૃષિ મહોત્સવએ પૂરવાર કર્યું છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, જેમને ખુરશીમાં રસ હતો, તેમને ખેડૂતની ખુશીમાં રસ નહોતો. જેમણે ૫૦ વર્ષના શાસનમાં ખુરશીભકિત જ કરી તેમણે ખેડૂતોની દૂર્દશા કરી છે. અમે ખુરશી ભકિત નહી, કૃષિભકિત કરીને ખેડૂતોની આવક બમણી કરી છે. દૂધ ઉત્પાદનના વેચાણમાંથી મળતી આવક પશુપાલન બહેનોના હાથમાં પહોંચી છે. નારીસશકિતકરણનું સૌથી મોટું કામ ગ્રામ્ય વિસ્તારમાં દૂધના કુશળ કારોબારથી થયું છે, તેમ તેમણે જણાવ્યું હતું. જમીનના ટુકડા થતા રહેતા હોય ત્યારે ગરીબ ખેડૂતે ટૂંકી ખેતીમાં દેવાદાર બનવાને બદલે ગ્રીનહાઉસ જેવી વૈજ્ઞાનિક ખેતી અને આધુનિક ખેતી કરવી પડશે તેનું માર્ગદર્શન મુખ્ય મંત્રીશ્રીએ આપ્યું હતું.

નાના ખેડૂતોને ખેતીમાં પગભર બનાવ્યા સિવાય ખેતી વિકાસ થશે નહી તેમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના આર્થિક વિકાસની સફળતા માટે રાજયના નાના ઉદ્યોગોના વિકાસની જેમ નાના-સિમાંત ટૂંકી આવક ધરાવતાં ખેડૂતોના આર્થિક વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે તેમ જણાવ્યું હતું.

વનબંધુ કલ્યાણ યોજના ગયા પાંચ વર્ષ માટે રૂા.૧૫,૦૦૦ કરોડની હતી. તે સફળ બનતાં હવે રૂા.૪૦,૦૦૦ કરોડની અમલમાં મૂકી છે. તેની રૂપરેખા મુખ્ય મંત્રીશ્રીએ આપી હતી. હવે ગુજરાતમાં નવી પેઢીના લબરમૂછીયા જવાનો ખેતીમાં મોટી સંખ્યામાં જોડાઈ રહયા છે અને માત્ર પરંપરાગત ખેતી નહી ઓર્ગેનિક ખેતી અને મૂલ્યવર્ધિત ખેતીમાંથી મબલખ આવક મેળવી રહયા છે તેના દ્રષ્ટાંતો તેમણે આપ્યાં હતાં.

સિંઘલ અને પરમારને શરતી જામીન

તરૂણ બારોટ અને ભરત પટેલને પણ જામીન : સીબીઆઈ તપાસના નિર્ધારિત ગાળામાં કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં નિષ્ફળ જતા આરોપીઓને શરત પર જામીન

અમદાવાદ, તા.૨૭

દેશભરમાં ચકચાર જગાવનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંડોવાયેલા આઈ.જી.કક્ષાના ઓફિસર જી.એલ.સિંઘલ અને ઉચ્ચ પોલીસ અધિકારી જે.જી.પરમાર દ્વારા દાખલ કાયમી જામીન અરજીમાં સી.બી.આઈ કોર્ટે બન્નેને શરતી જામીન આપ્યાં છે. દરમિયાન ઈશરત કેસમાં તરૂણ બારોટ અને ભરત પટેલને પણ શરતી જામીન આપી દેવામાં આવ્યા છે.

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ દ્વારા ધરપકડ કરાયેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ જી.એલ.સિંઘલ અને જે.જી.પરમાર એ સી.બી.આઈ દ્વારા કેસની તપાસના ૯૦ દિવસ પુર્ણ હોવા છતાં ચાર્જશીટ રજુ ન કરાતા બંન્ને આરોપીઓએ ડિફોલ્ટ જામીન અરજી કરી હતી. ડિફોલ્ટ જામીન અરજી માં બેન્ને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ અને જેમાં આરોપી પક્ષ દ્વારા એવી દલીલો કરવામાં આવી હતી કે સી.બી.આઈ એ ૯૦ દિવસ પુર્ણ હોવા છતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી ન હોવાથી અમને કાયદા પ્રમાણે કાયમી જામીન મળવા જોઈએ તો બીજી તરફ સીબીઆઈ તરફથી એવી દલીલો કરવામાં આવી હતી કે ઈશરત કેશમાં ડી.જી વણજારા અને પી.પી. પાંડેની ધરપકડ કતરવાની બાકી છે. આ બંન્નેની ધરપકડ બાદ પુછ પરછ કરી પછી ચાર્જશીટ રજુ કરવામાં આવશે. તેથી તેમને હમણા જામીન ન આપવા જોઈએ. સી.બી.આઈ કોર્ટ એ બંન્ને પક્ષોની દલીલો સાંભળી સી.બી.આઈની માંગણી ફગાવી દીધી હતી. અને સીબીઆઈ કોર્ટ એ બંન્ને આરોપીઓને શરતી જામીન આપ્યાં હતા.

પેટા ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચે તીવ્ર સ્પર્ધા

લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે બીજી જૂને મતદાન : ભાજપના માઈક્રો લેવલ પ્લાનીંગ સામે કોંગ્રેસની પણ અસરકારક રણનીતિ સૌરાષ્ટ્રમાં ભાજપ સામે પાણીનો અને કોંગી સામે ભ્રષ્ટાચાર-મોંઘવારી મુદ્દો

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે બીજી જૂને યોજાનારી પેટા ચૂંટણી જીતવા કોંગ્રેસ અને ભાજપે એડી ચોટીનું જોર લગાવી દીધુ છે. આ તમામ છ બેઠકો અગાઉ કોંગ્રેસના કબજાવાળી હોવાથી કોંગ્રેસ માટે આ બેઠકો જાળવી રાખવા તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે. ત્યાર બીજી તરફ મુખ્યમંત્રી મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે જાહેર કરવા ગોઠવાયેલી રાજકીય શતરંજમાં ભાજપને પણ એક પણ બેઠક પર ચૂંટણી હારવું પોષાય તેમ નથી. આ છ પૈકી મોટાભાગની બેઠકો સૌરાષ્ટ્રની હોવાથી ભાજપને સૌરાષ્ટ્રમાં પાણીની તંગી તથા અછતનો મુદ્દો ચૂંટણી પ્રચારમાં નડી રહ્યો છે. ત્યારે કોંગ્રેસને ભ્રષ્ટાચારતી ખરડાયેલી પક્ષની છબી અને કાળઝાળ મોંઘવારીનો અભિશાપ નડી રહ્યો છે.

આ પેટા ચૂંટણીમાં બંને મુખ્ય પક્ષો માટે સરજાયેલી વિપરીત પરિસ્થિતિ વચ્ચે ભાજપે સંગઠનની તાકાત તથા માઈક્રો લેવલ પ્લાનીંગ દ્વારા ચંટણી જંગ જીતવાની રણનીતિ અમલમાં મૂકી છે. જેમાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો, જિલ્લા તથા શહેરના અમલદારો તેમજ આગેવાનોની ફોજ જુદા જુદા મત વિસ્તારોમાં ઉતારી દીધી છે.

ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર બનાસકાંઠા લોકસભાની બેઠક માટે ભાજપે ઉત્તર ગુજરાત તથા અમદાવાદ શહેરના સાંસદો, મંત્રીઓ, ધારાસભ્યો, હોદ્દેદારો તથા નેતા કાર્યકરો વગેરેને સ્થાનિક કાર્યકરો સાતે છેક બૂથ લેવલ સુધી ગોઠવી દીધા છે. જ્યારે પોરબંદરની લોકસભાની બેઠક માટે પણ સૌરાષ્ટ્રના પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો વગેરેની ટીફોજ ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતારી છે. વિધાનસભાની બેઠકો પૈકી મોરવાહડફની બેઠક પર દક્ષિણ ગુજરાતના પ્રધાનો, ધારાસભ્યો, કાર્યકરોને જુદી જુદી જવાબદારી સોંપવામાં આવી છે તેવી જ રીતે લીંબડીની બેઠક માટે મદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લા ઉપરાંત ભાવનગર શહેરની જવાબદારી સોંપાઈ છે. આ રીતે જેતપુર અને ધોરાજીની બેઠક માટે પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના નેતાો તેમજ કાર્યકરોને જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપની આ માઈક્રો લેવલ પ્લાનીંગની ભાજપના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા રોજબરોજ સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી છે. જ્યારે બીજી તરફ કોંગ્રેસના પણ પ્રદેશ નેતાઓ, હોદ્દેદારો, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્રિય પ્રભારી તમજ સહપ્રભારી પણ તમામ છ બેઠકોના મતવિસ્તાર ખૂંદી રહયા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પોરબંદર લોકસભા બેઠકની સીધી જવાબદારી સ્વીકારી છે તેઓ અન્ય વિસ્તારોમાં પ્રવાસ સહિત પોરબંદરની વ્યવસ્થા ઉપર ખાસ ધ્યાન આપી રહ્યા છે. જ્યારે બનાસકાંઠા લોકસભાની બેઠક માટે પાટના સાંસદ, ધાનેરાના ધારાસભ્ય જોઈતારામ, વડગામના ધારાસભ્ય મણીભાઈ વાઘેલા, પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલ વગેરે જવાબદારી સંભાળી રહ્યા છે. જ્યારે ભરત સોલંકી પણ ચૂંટણી પ્રચાર કરી રહયા છે.

વિધાનસભાની ચાર બેઠકો પૈકી મોરવાહડફની બેઠક માટે કોંગ્રસ આદિવાસી સાંસદો, ધારાસભ્યો અને આગેવાનોને વિશેષ જવાબદારી સોંપી છે. જેમાં ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી નારેણ રઠવા, મોહનસિંહ રાઠવા, પ્રભાબેન સહિત ધારાસભ્ય સકે રાઉલજી વગેરેને જવાબદારી સોંપવામાં આવી છે. જેતપુરની બેઠક માટે સિદ્ધાર્થ પટેલ ઉપરાંત બાવકુ ઉઘાડ, પરેસ ધાનાણી, જવાહર ચાવડા, કુવરજી બાવળીયા સહિત જૂનાગઢ અને અમરેલી જિલ્લાના આગેવાનોને પ્રચારે અભિયાનમાં ઉતારવામાં આવ્યા છે. ધોરાજીની બેઠક માટે રાજકોટના ધારાસભ્ય ઈન્દુનીલ રાજગુરુ, જવાહર ચાવડા, જામનગરના પૂર્વ મેયર ગીરીશ કોટેચા, જગદીશભાઈ ઉપરાંત પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ પણ ચૂંટણી વ્યવસ્થામાં જોડાયા છે. જ્યારે લીંબડીની બેઠક માટે સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલ તેમના દિકરાને જીતાડવા જોરદર મહેનત કરી રહયા છે. આ ઉપરાંત કોલી પટેલોનું વર્ચસ્વ ધરાવતી આ બેઠક જીતવા ધારાસભ્ય પૂંજા વંશ, ચંદ્રિકાબેન ચુડાસમા વગેરે મહેનત કરી રહ્યા છે. વિધોધપક્ષનાનેતા શંકરસિંહ વાઘેલા પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ, પ્રભારી મોહન પ્રકાશ, સહપ્રભારી અશોક તંવર વગેરે મોટાભાગની બેઠક પર પ્રવાસ કરી રહયા છે. કોંગ્રેસના પ્રવક્તા મનિષ દોષી લેખીત કારકિર્દી પુસ્તકનું પણ બનાસકાંઠાના વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં વિતરણ કરી કોંગ્રેસનો પ્રચાર પણ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ પક્ષ તરફથી બંને લોકસભાની બેઠક હેઠળ આવતી વિધાનસભા ક્ષેત્ર માટે ૨૦-૨૦ આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી છે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

ડસ્ટ ફ્રી ઝોન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સોસાયટીઓએ આ અંગે રજુઆતો કરી છે અને તે પૈકી હરિપાર્ક સોસાયટીએ તેનો લોકફાળો જમા કરાવતાં તે કામ આજે મંજૂર કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે જે છ અન્ય સોસાયટીઓની રજુઆતો મળી છે તેમાં શ્રીનગર એસોસીએશન સે. ૨૪, હરિ સિદ્ધનગર સોસા. સે. ૨૪, ગાયત્રી સોસાયટી સે. ૨૭, કિસાનગર સે. ૨૬, યોગીકૃપા સોસાયટી સે. ૨૨ અને સે. ૮ના ૮૦૮ થી ૮૧૨ નંબરના પ્લોટના વિસ્તારનો સમાવેશ થાય છે.

એક અંદાજ પ્રમાણે આ બધી સોસાયટીઓનો લોકફાળા પેટે રૂ. ૧૪,૬૪,૦૩૮ જમા કરાવવાના થાય છે અને આ માટેનો કુલ પ્રોજેક્ટ ખર્ચ રૂ. ૭૩,૨૦,૧૯૪ જેટલો થવા જાય છે. જેમ જેમ સોસાયટીઓ દ્વારા લોકફાળો જમા થશે તેમ કામો હાથ ધરવામાં આવશે.

આજની આ બેઠકમાં સરકાર દ્વારા કોર્પોરેશનના અધિકારીઓ માટે ફાળવવામાં આવેલા ત્રણ આવાસો અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું શ્રી દવેએ જણાવ્યું છે.

આ બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોર્પોરેશનના ત્રણ પદાધિકારીઓ મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ ડે. મેયર વિપક્ષના નેતા માટે ગાડીઓ આઉટ સોર્સીંગથી મેળવવાનો નિર્ણય કરાયો હતો. તેમણે જણાવ્યું હતું કે આ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને આગળ વધવામાં આવશે. આગામી એક માસમાં આ પ્રક્રિયા કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ ગાડીઓની ફાળવણીને લઈ સભ્યોમાં થોડોક રોષ અને ઉગ્રતા જોવા મળતી હતી અને તેથી જ બેઠક તોફાની ના બને તે માટે ટેન્ડરીંગનો નિર્ણય કરવામાં આવ્યો છે.

જો કે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે તમામ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા છે. અમારી બેઠકમાં ખુલ્લા દિલે ચર્ચા થઈ છે. અને સૌને સાંભળી સર્વાનુમતે નિર્ણય લેવાયા છે. સ્ટેન્ડીંગ કમિટીમાં કોંગ્રેસના સભ્યોએ કરેલી રજુઆતને પણ ગંભીરતાથી લીધી છે.

વિદ્યાસહાયકોની યથાસ્થિતિ રાખવા સુપ્રીમનો હુકમ

વિદ્યાસહાયકોની ભરતી અને ફિક્સ પગાર મુદ્દે નવા વળાંક : સુપ્રીમ કોર્ટમાં વિદ્યાસહાયકોના વિવાદ મામલે સુનાવણી બાદ વેકેશન બેંચનો ચુકાદો : વિદ્યાસહાયકો અને અન્યોમાં સુપ્રીમના ચુકાદાથી તર્કવિતર્કોનો દોર

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં વિદ્યાસહાયકોની ભરતી અને ફિક્સ પગાર મુદ્દે આજે નવો વળાંક આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આજે હથ ધરાયેલ સુનવણી બાદ પોતાના મહત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાતમાં વિદ્યાસહાયકની જે સ્થિતિ છે. તેને યથાવત રખવા માટે આદેશ કર્યો છે. વધુમાં સુપ્રીમ કોર્ટે વિદ્યાસહાયક વિવાદ મામલે વેકેશન બાદ નિર્ણય કરવાની જાહેરાત કરી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતમાં વિદ્યાસહાયકોની ભરતી અને તેમને આપવામાં આવતા ફિકસ વેતન મુદ્દે હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. જેના ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે વિદ્યાસહાયકોને ફુલ પગાર ચૂકવવા માટે આદેશ કર્યો હતો. જેના વિરોધમાં ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં રિવ્યુપીટીશન દાકલ કરી હતી. જેના અંગે સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી બાદ પોતાના ચુકદામાં સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં વિદ્યાસહાયકની સ્થિતિને થાવત રાખવાનો આદેશ આપ્યો છે. વધુમાં સુપ્રીમ કોર્ટે આ સમગ્ર મામલે વેકેસન બાદ નિર્ણય લેવાની જાહેરાત કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે વિદ્યાસહાયકોની ભરતની યોગ્યતા ને પગાર ધોરણ મુદ્દે નિર્ણય કરસે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૧માં રાજય સરકારે ૧૩૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરી હતી. જેમાં અનામતની નીતિને પાળવામાં આવી ન હોવાનો આક્ષેપ થયો હતો. જેના અંગે પણ ઉમેદવારોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે વિદ્યાસહાયકોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. બાદમાં સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો હતો. સુપ્રીમ કોર્ટમાં વિદ્યાસહાયકોના પગાર ધોરણને પણ પડકારવામાં આવ્યા હતા. જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકરની આકરી ઝાટકણી કાઢી. ભરતી પ્રક્રિયા અંગે ખુલાસો માંગ્યો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ધોરણ-૧૦-૧૨ પછી શું ? અંગેની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ ટ્રસ્ટ તથા થનગનાટ આર્ટ અને કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા આજરોજ 'ધોરણ-૧૦-૧૨ પછી શું ? અંગેની શિબિર સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે યોજાઈ હતી.

ગાંધીનગર શહેરમાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ થયેલ વિદ્યાર્થીઓ અને તેમના વાલીગણમાં ધોરણ-૧૦ અને ૧૨ પછી પોતાના બાળકને કંઈ ફેકલ્ટીમાં અભ્યાસ કરાવવો તેને લઈ અનેક પ્રશ્નો મનમાં મુંઝવી રહ્યા છે. આવા અનેક પ્રશ્નોનું સરળ નિરાકરણ લાવવાના ઉમદા આશયથી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ધોરણ-૧૦-૧૨ પછી શું તે અંગેની શિબિર યોજાઈ હતી. શિબીરમાં શ્રી ડૉ. મનિષભાઈ દોશી, શ્રી ડૉ. ભાનુભાઈ મહેતા, શ્રી ડૉ. પ્રદિપ ગગલાણી અને શ્રી ભરતભાઈ શાહ દ્વારા ધોરણ-૧૦ પછી પોતાના બાળકોને ટકાવારી અનુસાર ધોરણ-૧૨ સાયન્સ આર્ટસ, કોમર્સમાં અભ્યાસ કરાવવા અનુરોધ કર્યો હતો અને ધોરણ-૧૨ પછી સાયન્સ, આર્ટસ, કોમર્સના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની પણ સરળ ભાષામાં રજુઆત કરી હતી. તે ઉપરાંત તમામ વક્તાઓએ રાજયમાં મેડિકલ, ઈજનેરી, ક્ષેત્રે ચાલતા ડિગ્રી અને ડિપ્લોમાંના અભ્યાસક્રમોની ઝાંખી કરાવી હતી. સરકારી/સેલ્ફ ફાયનાન્સ કોલેજમા ફીના ધોરણની પણ સમજ આપી હતી. તે સિવાય અભ્યાસક્રમો માટેની રાજય સરકારની સ્કોલરશીપ અન્ય યોજનાઓ અને બેંકો દ્વારા આપવામાં આવતી લોનની પણ વિસ્તૃત માહિતી આપી હતી. ઓનલાઈન એડમિશનના ફોર્મ કેવી રીતે ભરવા ? અને ફોર્મ ભરતા પહેલા શું શું તકેદારી રાખવી તેની પણ માહિતી આપી હતી.

ઉચ્ચ અભ્યાસક્રમોમાં એડમિશન ન મેળવી શકનાર બાળકોએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગેની ટુંકમાં રજુઆત કરી હતી.

સમગ્ર શિબિરને સફળ બનાવવા થનગનાટ આર્ટ અને કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ રોહિત નાથાણી, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ ઝીલુભા ધાંધલ સહિત કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.